# રોડ વચ્ચે થાંભલો કે..! થાંભલા વચ્ચે રોડ...?

## નિકોડાથી હાથરોલ વચ્ચેના રોડ ઉપર જીઇબીના થાંભલાને લઈને અકસ્માતની ભિતી : જીઈબી અને વહીવટી તંત્રના સંકલનના અભાવે નિકોડાથી હાથરોલ જતા રોડ વચ્ચે જીઇબીનો થાંભલો અત્યારે વિવાદનો કેન્દ્ર બન્યો !

હિંમતનગર, તા.૧૦

હિંમતનગર તાલુકાના નિકોડા થી હાથરોલ જતા રોડ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા નવીન રોડની કામગીરી દરમિયાન રોડ વચ્ચે જ વીજ થાંભલો રાખીને રોડની કામગીરી પૂરી કરી દેવામાં આવતા રોડ વચ્ચે જ થાંભલો હોવાથી અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા આ બાબતે તાત્કાલિક ધોરણે કોઈ મોટી દુર્ઘટના સર્જાય એ પહેલા સત્વરે વીજ થાંભલાને ખસેડીને રોડની ખુલ્લો કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને આચારસંહિતાની અમલવારી અંતર્ગત પ્રજાલક્ષી કામગીરીમાં અવરોધ ઊભો થયો હતો પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂરી થતાં જ વહીવટી તંત્ર દ્વારા પ્રજાલક્ષી પાયાની સુવિધાઓ ની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે હિંમતનગર તાલુકાના નિકોડા થી હાથરોલ વચ્ચેના રોડ ઉપર વહીવટી તંત્ર દ્વારા નવીન માર્ગ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે નિકોડા થી હાથરોલ જતા રોડ વચ્ચે નો થાંભલો હટાવાની જગ્યાએ વહીવટી તંત્ર દ્વારા રોડની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે ત્યારે જીઈબી અને વહીવટી તંત્રના સંકલનના અભાવે નિકોડા થી હાથરોલ જતા રોડ વચ્ચે જીઈબી નો થાંભલો અત્યારે વિવાદનો કેન્દ્ર બન્યો છે નિકોડાથી હાથરોલ વચ્ચેના રોડ ઉપર જીઈબીના થાંભલાને લઈને અકસ્માતની ભિતી સેવાઈ રહી છે ત્યારે રોડ વચ્ચે ના થાંભલા ને લઈને કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો તેનું જવાબદાર કોણ ? એવું લોક મુખે જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે.



### કોન્ટ્રાક્ટર શું કહે છે ?

હિંમતનગર તાલુકાના નિકોડા થી હાથરોલ વચ્ચે વહીવટી તંત્ર દ્વારા નવીન માર્ગ બનાવવાની કામગીરી દરમિયાન રોડ વચ્ચે થાંભલો હોવાની બાબતે કોન્ટ્રાક્ટરે જણાવ્યું હતું કે રોડ વચ્ચે નો થાંભલો હટાવવા માટે રણાસણ જીઈબી તંત્રને રોડની કામગીરી અગાઉ ક્યારનીયે અરજી આપી દેવામાં આવી હતી પરંતુ જીઈબી વિભાગ દ્વારા આ બાબતે કોઈપણ પ્રકારની નોંધ લીધી નથી અને રોડ વચ્ચે નો થાંભલો પણ હટાવવામાં આવ્યો નથી ત્યારે અમે નવીન રોડ બનાવવાની કામગીરી પૂરી કરી છે



**આવ્યો ફાગણીયો.... કેસુડો ખીલ્યો...**

કેસુડો ખીલ્યો ફાગણ મહિના માં કેસુડો ચારે કોરાએ ખીલી ઉઠે છે,આધુનિક યુગમાં ખાખરા ના વૃક્ષ લુપ્ત થવા જઈ રહયા છે ,ગામડાઓ માં હજુ ક્યાંક ક્યાંક જોવા મળતા ખાખરા ના વૃક્ષો ફાગણ મહિનો આવતા જ તેના પર કેસૂડાના કેસરિયા કલરના ફૂલો થી આલહાદક લાગતો કેસુડો.

# જેલ પછી શૈક્ષણિક સંકુલોમાં પ્રસર્યો કોરોના, દહેશત વધી

## બુટાલ-પાંચકુહાડા પ્રા.શાળામાં કોરોના ડોકાયો, ૨ વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત : પ્રાથમિક શિક્ષણ વિભાગ પાસે કોરોનાની જાણકારી નથી

બાયડ, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં કોરોના બેલગામ બન્યો છે. અગાઉ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જેલમાં કોરોના ડોકાયા પછી હવે બીજી લહેરમાં શૈક્ષણિક સંકુલમાં ફરી કોરોના ડોકાયો છે. ધનસુરા તાલુકાની બુટાલ અને પાંચકુહાડા પ્રા.શાળામાં ધો.૮માં અભ્યાસ ૨ વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થતાં તેમના સંપર્કમાં આવેલા અન્ય વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં ભય જોવા મળ્યો છે. વિદ્યાર્થીઓને કોરોના થતાં શાળાઓ ફરી સૂમસામ બની જાય તેવી દહેશત ઉભી થઈ છે.

સરકાર અને આરોગ્ય વિભાગની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. પ્રજાને કોરોનાનો કોઈ ડર નથી. જ્યારે સરકારને જ બધી પડી હોય તેવી સ્થિતિમાં લોકો બિન્દાસ્ત બની ફરી રહ્યા છે જેનું પરિણામ એ આવ્યું કે જિલ્લામાં માર્ચ મહિનામાં કોરોના વધુ બેલગામ બન્યો છે. જિલ્લામાં ૨૦૦ થી વધુ કોરોના પોઝિટિવ કેસ હોવા છતાં આરોગ્ય વિભાગના દફતરે માંડ એકલ દોકલ કેસ નોંધવામાં આવે છે. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું છે ટૂંક સમયમાં નિદાન કસોટી શરૂ થવાની છે ત્યારે ધનસુરા તાલુકાની બે સરકારી પ્રા.શાળાઓમાં કોરોના હોવાનું બહાર આવ્યા પછી શાળાના આચાર્ય તથા પ્રા.શિક્ષકોમાં પણ કોરોનાનો ભય હાવિ થઈ ગયો છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ શિક્ષકો અને શાળામાં અભ્યાસ માટે આવેલા બાળકોના રેપિડ ટેસ્ટ કરવા જોઈએ જેથી કોરોનાનું સંક્રમણ વધતું અટકાવી શકાય. અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ વિભાગનો સંપર્ક કરતાં તેમની પાસે શાળાઓમાં વિદ્યાર્થીઓ કોરોનાગ્રસ્ત થયા હોવાની કોઈ જાણકારી મળી ન હોવાનું જણાવ્યું છે.

### ઇડરના વલાસણા હાઇવે પરના સુરપુર પાસે મોડી રાત્રે

# ટ્રકે સાયકલસવાર મામા-ભાણેજને કચડયા, એકનો આબાદ બચાવ

## સાયકલસવાર પિતા-પુત્ર અને મામાને ટ્રકે ટક્કર મારતા પાછળના ટાયર નીચે ચકડાયા : મજૂરી અર્થે આવેલ પરપ્રાંતિયના મોતથી વિસ્તારમાં ગમગીની છવાઈ

ઈડર (બ્યુરો ઓફીસ)

મંગળવાર ની મોડી સાંજે ઈડર -વલાસણા હાઈવે રોડ પર ના સુરપુર ગામ નજીક બટાકા ભરેલી ટ્રકે સાયકલ પર સવાર ત્રણ વ્યક્તિઓને ટક્કર મારતા સાયકલ સવાર ત્રણ વ્યક્તિઓ માંથી બે વ્યક્તિઓ ટ્રકના ટાયર નીચે આવી જવાથી બંને ના ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું.

આ અંગે ઈડર પોલીસ સ્ટ્રેશન થી પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે મંગળવારે મોડી સાંજે મૂળ કોટડા (છાવણી)રાજસ્થાન થી ખેતી કામે મજૂરી અર્થે ઈડર તાલુકાના મણિયોર ગામે ખેતીમાં ભગિયા તરીકે કામ કરતા મોતાભાઈ વાલાભાઈ ખેર અને તેમના પુત્ર અજિત અને સારા હીરાભાઈ સાઈકલ લઈને માણિયોર થી ઈડર પોલીસ સ્ટ્રેશને પોતાના સબંધીને ઈડર પોલીસ બાઈક ચોરીના ગુના માં પકડી લાવી હતી ,જેને મળવા ગયેલ જે સાંજે ઈડર પોલીસ સ્ટ્રેશને થી પરત મણિયોર ગામ તરફ સાયકલ પર ત્રણે જઈ રહ્યા હતા તે સમયે સુરપુર ગામ નજીક પાછળ થી એક બટાકા ભરેલી ટ્રક નંબર ૯.ત્ન.૦૨.હ .૨૨૬૭ ના ચાલકે બે ફામ અને ગફલત ભરી રીતે ટ્રક ચલાવતા સાયકાલ પર જઈ રહેલા પિતા,પુત્ર અને સારા ને ટ્રક ના બાજુના પડખે થી ટક્કર મારતા સાયકલ પર સવાર ત્રણે વ્યક્તિઓ નીચે પડકાય હતા જે વખતે હીરાભાઈ ને અજિત ટ્રક બાજુ પડ્યા જ્યારે મોતાભાઈ સાયકલ લઈને રોડ સાઈડ પટકાના હતા ,હીરાભાઈ અને અજિત ટ્રક ના પાછળ ના ટાયર ના આગળ ના ભાગે પડતા તેમના ઉપર બટાકા ભરેલ ટ્રકનું ટાયર બંને ના માથાના ભાગે તેમજ શરીર ના ભાગે ફરી વરતા બંને ના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા.



ધડાકા ભેર આવાજ સાથે બનેલ આ કરુણ ઘટના ની જાણ લોકોને થતાં સ્થળ પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને બંને મામા તથા ભાણેજ ના શરીર ના અંગો રોડ પર ટ્રક સાથે ઘસડાયા હતા જ્યારે અજિત ના પિતા મોતા ભાઈ નો આબાદ બચાવ થયો હતો આ ઘટના ની જાણ ઈડર પોલીસ ને થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ટ્રક ચાલક વિરુદ્ધ કાર્યવાહી આરંભી હતી.

# પ્રાંતિજ ખાતે નર્મદા કિસાન આયોજીત ઈ-વિમોચન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૧૦

પ્રાંતિજ ખાતે આવેલ નર્મદા ખેડૂત સહાય કેન્દ્ર પ્રાંતિજ દ્વારા આજે પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ મલ્ટી પરપઝ સોસાયટી ખાતે ખેડૂત સભાનુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ૬૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતો ખાતરના વિક્રેતાઓ અને મંડળના ચેરમેન, વાઈસ ચેરમેન, સેક્ટરીઓ, ડિરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા તો કંપનીના મેનેજીંગ ડિરેક્ટર પંકજભાઈ જોષી દ્વારા ગાંધીનગર ગીફ્ટ સીટીથી નર્મદા કિસાન પરિવાર પત્રાનો ઈ-વિમોચન ને ખુલ્લો મુકી જીવંત નિહાળી ખુશી વ્યક્ત કરી હતી તો કંપની દ્વારા નવીન ટેકનોલોજી ના માધ્યમ થતી છેવાડા ના ખેડૂતોને કુષિ વિષયક જાણકારી આંગળીઓના ટેરવે ઉપલબ્ધ કરાવવા બદલ જી.એન.એફ. સી. લી. કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો અને ઈ-વિમોચન પ્રસંગે સંબોધન કરતા કંપનીના મેનેજર જી.કે. પટેલ દ્વારા આ પત્રિકા નો બાહોળો પ્રચાર કરવા કરેલ આહવાન ને વધાવી ને વધુમા વધુમા ખેડૂતો સુધી પહોચતુ કરવાનો સંકલ્પ પણ વ્યક્ત કરેલ તો ઉપસ્થિત ખેડૂતો ને સંબોધન કરતા કંપનીના જિલ્લા પ્રતિનિધી એચ.સી.દવે દ્વારા પ્રવચન કરી આ પ્રોગ્રામ ની વિસ્તૃત જાણકારી આપેલ તેમજ ખેડૂતોને આ નવીન ટેકનોલોજી ના ઉપયોગ થકી નર્મદા કિસાન પરિવાર પત્ર નો બહોળો ફેલાવો કરી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવવા હાંકલ કરી હતી.

### મોડાસાના ભામાશા હૉલમાં 'અમૃત મહોત્સવ' યોગ બોર્ડના ચેરમનની અધ્યક્ષ સ્થાને યોજાશે

બાયડ, તા ૯

ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રવ્યાપી 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુંછે. ૧૨મી માર્ચથી અમદાવાદના સાબરમતી આશ્રમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રારંભ કરાવનાર છે. આઝાદીના સંગ્રામમાં સ્વદેશી ચળવળને વેગ આપનાર મોડાસા ખાતે યોગ બોર્ડના ચેરમન શીશપાલ રાજપૂતની અધ્યક્ષતામાં યોજાશે.

અરવલ્લીમાં દાંડીયાત્રા અંતર્ગત આત્મનિર્ભર ભારત, મોર્ડન ઈન્ડિયા, ક્લાઈમેન્ટ ચેન્જ, શૌર્યગીત, નાટિકા આશ્રમ, ભજનો, આઝાદીની ચળવળ રાષ્ટ્રભક્તિને ઉજાગર કરતા કાર્યક્રમોનું શ્રી મ. લા. ગાંધી કોલેજ ભામાશા હૉલ, મોડાસા ખાતે આયોજન કરાયું. અમૃત મહોત્સવ અંગે અમલીકરણ અધિકારીઓની બેઠક કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલિયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી.

# ભાટકોટાના જંગલમાં ચારો ચરતાં ચાર બકરાંના મોત

## ખાનગી કંપનીના ફેંકેલા કચરાથી કે ઝેરી ઘાસથી બકરાંનાં મોત..?? ચર્ચાતો સવાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦

મોડાસા તાલુકાના ભાટકોટા ગામની સીમમાં જંગલ વિસ્તારમાં ચારો ચરવા ગયેલા માલધારીના ઘેટાં-બકરાં પૈકી ૪ બકરાંનાં જંગલ વિસ્તારમાં મોત નિપજતાં સનસનાટીમ ચી છે. ભાટકોટાની સીમમાં ખાનગી કંપની દ્વારા ગાયોનો તબેલો તૈયાર કરવામાં આવ્યો છે ત્યાં કચરાના ઢગલામાં પડેલ રદ્દી, કાગળો અથવા તો ઘાસ ખાવાથી બકરાંના મોત નિપજ્યા હોવાની આશંકા સાથે માલધારીએ મોડાસા ગ્રામ્ય પોલીસને જાણ કરી છે. ફુડ પોઈઝનિંગથી બકરાંના મોત નિપજવાના બનાવમાં કથિત બેદરકારી કોની..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.



જિલ્લામાં મૂંગા પશુઓ ઉપર કુદરત રૂઠી હોય તેમ ફુડ પોઈઝનિંગથી મોત નિપજવાના બનાવો શરૂ થયા છે. બાયડમાં ફુડપોઈઝનિંગથી ૨૫ બકરાંના મોતથી હાહાકાર શમ્યો નથી ત્યાં મોડાસા તાલુકાના ભાટકોટાના જંગલ વિસ્તારમાં તા.૬ ના રોજ ઘાસચારો ચરવા માટે ગયેલા ઘેટાં-બકરાં પૈકી માલધારી વાઘાભાઈ દેવાભાઈ રબારીના ૪ બકરાંના મોત નિપજતાં માલધારી પરિવાર ઉપર આફત આવી છે. અન્ય પશુઓ સાથે ચારો ચરતાં બકરાં ગામની સીમ નજીક આવેલા ખાનગી કંપનીના તબેલા પાસે પહોંચ્યાં હતાં જ્યાં કંપની દ્વારા ફેંકવામાં આવેલ કચરાના ઢગમાં પડેલા કાગળો તેમજ અન્ય ઘાસ આરોગ્યા પછી રૂા.૪૦ હજારની કિંમતનાં બકરાં મોતના મુખમાં ધકેલાઈ જતાં માલધારીએ મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે જાણવા જોગ નોંધ લઈ તપાસ હાથ ધરી છે. કંપની દ્વારા ફેંકવામાં આવેલ કચરાથી કે પછી અન્ય કોઈ ઝેરી ઘાસચારો આરોગવાથી બકરાંના મોત નિપજ્યાં છે..?? તે તપાસનો વિષય બન્યો છે. આ વિસ્તારમાં ગામના અન્ય પશુપાલકોના પશુઓ પણ નિયમિત રીતે ચારો ચરવા માટે જતાં હોવાથી બકરાંના મોત બાદ અન્ય પશુપાલકોમાં ચિંતા પ્રસરી છે.

### કોના શિર ઉપર શહેનશાહનો "સરતાજ"

# બાયડ નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ માટે ૧૬ માર્ચે સામાન્ય સભા

બાયડ તા.૧૦

બાયડ નગરપાલિકાના પ્રમુખ કોણ..?? તા.૧૬ માર્ચે સવારે ૧૧-૦૦ કલાકે ફેંસલો થઈ જશે. કોના શિર ઉપર શહેનશાહનો સરતાજ..તેની અટકળો તેજ બની છે. મોડાસા પ્રાંત અધિકારીની અધ્યાસી અધિકારી તરીકે જિલ્લા કલેક્ટર દ્વારા નિયુક્તિ કરવામાં આવી છે. બાયડ પાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ માટે કોણ નસીબવંતુ બને છે તેના ઉપર નગરજનોની મીટ મંડાઈ છે.

બાયડ પાલિકાના ઐતિહાસિક પરિણામોથી ખુશાલી જોવા મળી છે. જ્યારે ભાજપના ભવ્ય વિજય પછી પ્રજાની અપેક્ષા ઉપર ખરા ઉતરવાનો પડકાર છે. જ્યારે કોંગ્રેસ પોતાની કારમી હારના કારણોનું પોસ્ટમોર્ટમ કરી રહી છે.

બાયડ પાલિકાના તત્કાલિન સત્તાધિશોની મુદત પૂર્ણ થઈ ગઈ છે જેથી તા.૧૬ માર્ચે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજવા માટે અરવલ્લી કલેક્ટર દ્વારા અધ્યાસી અધિકારીની નિયુક્તિ કરવામાં આવી છે. બાયડ પાલિકાના પ્રમુખ માટે રોસ્ટર પોઈન્ટ-૭ મુજબ પછાત વર્ગ (બીસી) બેઠક અનામત છે જેથી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની સામાન્ય બેઠકના ઉમેદવારોને ભાજપ મેદાનમાં ઉતારશે. ભાજપ દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખનું મેન્ડેટ જારી કરવામાં આવશે.




### બાયડ પાલિકામાં ૩થી વધુ સંભવિત દાવેદારો

બાયડ પાલિકામાં ભાજપ સત્તામાં આવ્યું છે. તા.૧૬ માર્ચે પ્રમુખ પદ માટેની ચૂંટણી યોજાવવાની છે આ સંજોગોમાં ૩ થી વધુ સંભવિત દાવેદારો રેસમાં હોવાની બાયડમાં લોકચર્ચા છે જેમાં સ્નેહલભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, અરવિંદભાઈ પ્રજાપતિ તેમજ હર્ષદભાઈ પટેલ અરવિંદભાઈ પટેલ અને ભરતભાઈ પટેલના નામ પણ સાંભળવા મળ્યા છે.